# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

**માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને અનુસંધાને ઈંધણ બચત તથા જાહેર વાહન વ્યવહારના ઉપયોગ બાબત...**

**વંચાણે લીધા :–** (૧) માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજયપાલશ્રીનું સચિવાલય, લોકભવન ગાંધીનગરની કચેરીનો તા.૧૨.૦૫.૨૦૨૬ના પત્ર ક્રમાંક No/CS/PS/4026/2026.

(૨) અત્રેની કચેરીનો તા.૧૯.૦૫.૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક જા.નં. નકૃયુ/ રજી / એડીએમ.૩.૨/ ઈંધણ બચત/ ૩૧૪૧–૧૯૦/૨૦૨૬

(૩) માનનીય રાજયપાલશ્રીના સેકશન અધિકારીશ્રી, રાજયપાલશ્રીનું સચિવાલય, લોકભવન ગાંધીનગરની કચેરીનો તા.૨૫.૦૫.૨૦૨૬નો ઈ–મેઈલ.

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હેઠળના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ ક્રમ – (૧) થી માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રીના સુચન અન્વયે યુનિવર્સિટી કક્ષાએ પણ વિવિધ સ્તરે ઈંધણ બચત અને પર્યાવરણ જાગૃતિ માટે જરૂરી પગલાં લેવા અત્રેની કચેરીના ઉકત વંચાણે લીધેલ ક્રમ નં. – (૨)ના પરિપત્રથી વિવિધ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. સદર પરિપત્ર થી જારી કરવામાં આવેલ સૂચનો પૈકીના એક સૂચન એટલે કે, યુનિવર્સિટીમાં કાર્યરત અધિકારી / કર્મચારીઓએ અઠવાડિયામાં એક દિવસ સરકારી અથવા વ્યકિતગત વાહનનો ઉપયોગ ન કરવો એટલે કે, વાહન મુકત દિવસનો સંકલ્પ લેવો, જેથી ઉર્જા બચત થઈ શકે.

ઉકત વંચાણે લીધેલ ક્રમ – (૩) થી માનનીય રાજયપાલશ્રીના સેકશન અધિકારીશ્રીના સુચન મુજબ અઠવાડિયામાં એક દિવસ એટલે કે, દર સોમવારે વાહન મુકત દિવસ રાખવાનો રહેશે. તેમજ સદર બાબતે તાબા હેઠળના કર્મચારી, તમામ વિદ્યિર્થીઓ તેમજ રોજમદારો જેવા સંકળાયેલ તમામને સદર સૂચનાનો અમલ કરવા જણાવવાનું રહેશે તેમજ આ બાબતે Social Media માં પણ પ્રસિધ્ધ કરવુ.

દેશ હિતમાં ઉપરોકત બાબતે અધિકારી / કર્મચારીશ્રીઓએ લીધેલ પગલાં અને તેના લીધે બચેલ ઈંધણ તેમજ અન્ય માહિતી આ સાથે સામેલ ગુગલ શીટમાં દર શુક્રવારે અત્રેની કચેરીને મોકલવાની રહેશે.

જા.નં. નકૃયુ/ રજી/ એડીએમ.૩.૨/ઈંધણ બચત/૪૦૮૩-૪૨૩૨ / ૨૦૨૬
નવસારી, તા.૨૫.૦૫.૨૦૨૬

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ રવાના :–**
અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ આપનું માર્ગદર્શન કચેરીના તાબા હેઠળના અધિકારી / કર્મચારીશ્રીઓને સકારાત્મક પહેલ કરવા પ્રેરીત કરી ઉકત સંકલ્પને સાર્થક કરવા સારુ.

//RPJ//

No. GS/PS/4028/2026

# રાજ્યપાલશ્રીનું સચિવાલય


રાજ્યપાલશ્રીના સચિવશ્રીની કચેરી

લોકભવન, ગાંધીનગર-૩૮૨ ૦૨૧ (ગુજરાત)

(ટેલીફોન નં.:(૦૭૯)૨૩૨ ૪૩૧૭૧,૨૩૨ ૪૩૧૭૨,૨૩૨ ૪૩૧૭૩, ફેક્સ નં.:૨૩૨ ૩૧૧૨૧)


2 MAY 2026

પ્રતિ

કુલપતિશ્રી
(તમામ વિશ્વવિદ્યાલય)

વિષય: માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત.

મહોદયશ્રી

આપને સુવિદિત છે તેમ તાજેતરમાં ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ મોંઘું હુંડિયામણ ચૂકવીને વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડિઝલને લીધે દેશના અર્થતંત્ર પર થતી અવળી અસર નિવારવા ઇંધણ વપરાશનાં કરકસરનાં પગલાં લેવા અપીલ કરી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલનું સન્માન કરીને ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ જાતે કેટલાક સંકલ્પો લીધા છે; જેમ કે પ્રવાસોમાં વિમાન/હેલિકોપ્ટરને બદલે જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો, માનનીય રાજ્યપાલશ્રીની કારકેડમાંથી નવ જેટલા વાહનો હટાવીને માત્ર ત્રણ જ વાહનોનો કાફલો રાખવો વગેરે. આ ઉપરાંત લોકભવનના તમામ કર્મયોગીઓ અઠવાડિયે એક દિવસ પગપાળા, સાઇકલ કે જાહેર વાહન વ્યવહાર દ્વારા કચેરીએ આવજા કરશે, તેવો નિર્ધાર કરવામાં આવેલ છે.

માનનીય રાજ્યપાલશ્રીની ઇચ્છા છે કે રાજ્યની તમામ યુનિવર્સિટિઓમાં પણ ઇંધણ બચત અંગે વિવિધ પગલાં લેવામાં આવે, જેનાથી આપણા યુવાઓમાં રાષ્ટ્રભાવના અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ જશે. તે માટે આપના હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપક ગણ સહિત તમામ જ્ઞાનયોગી સાઇકલ કે પગપાળા આવવા અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગ માટે સંકલ્પ લે અને અઠવાડિયાનો એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' તરિકે નિષ્ઠાપૂર્વક પાળવામાં આવે. તદ્‌પરાંત, વાહનોના સહિયારા ઉપયોગ (કાર પૂલિંગ) અને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા મિટિંગોનું આયોજન કરીને પણ ઇંધણ બચત કરી શકાય. આ સંદર્ભમાં અધ્યાપકો અને શિક્ષકો માટે આપનું માર્ગદર્શન અને સકારાત્મક પહેલ

કુલપતિશ્રીનું કાર્યાલય, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. 83/26
13 MAY 2026
* PS TO VC *

DSW. Discuss with me

માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને સાર્થક કરવામાં ખૂબ અગત્યની બની રહેશે. આપના વિશ્વવિદ્યાલયે લીધેલાં પગલાંની જાહેર માધ્યમો અને સોશ્યલ મિડિયામાં પ્રસિદ્ધિ આપીને આ રાષ્ટ્રીય સેવાને વધુ લોકગમ્ય બનાવી શકાય.

માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉપરોક્ત બાબતે આપની કક્ષાએ સતત મોનિટરિંગ કરવા અને આપે લીધેલાં પગલાં અને તેના લીધે બચેલ ઇંધણનો માસિક અહેવાલ અત્રે મોકલી આપવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

(અશોક શર્મા) IAS
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ

# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**માનનીય પ્રધાનમંત્રીશ્રીની અપીલને અનુસંધાને ઈંધણ બચત તથા જાહેર વાહન વ્યવહારના ઉપયોગ બાબત...**

**વંચાણે લીધા :–** માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજયપાલશ્રીનું સચિવાલય, લોકભવન ગાંધીનગરની કચેરીનો તા.૧૨.૦૫.૨૦૨૬ના પત્ર ક્રમાંક No/CS/PS/4026/2026.

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હેઠળના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રીના સુચન અન્વયે તેમજ "માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દેશના ઉર્જા સંરક્ષણ તથા ઈંધણ બચતને પ્રોત્સાહન આપવા જાહેર વાહન વ્યવહારના ઉપયોગ અંગે અપીલ કરેલ છે." આ અનુસંધાને અત્રેની યુનિવર્સિટી કક્ષાએ પણ વિવિધ સ્તરે ઈંધણ બચત અને પર્યાવરણ જાગૃતિ માટે જરૂરી પગલાં લેવા મા. કુલપતિશ્રીની કચેરી ખાતે તા.૧૫.૦૫.૨૦૨૬ના રોજ મા.કુલપતિશ્રીના અધ્યક્ષતા હેઠળ યુનિવર્સિટીના અધિકારી / આચાર્યશ્રીની ઉપસ્થિતીમાં મળેલ બેઠકમાં નીચેની વિગતે પગલા લેવા સૂચિત કરવામાં આવે છે.

- યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓએ માત્ર જરૂરી હોય ત્યારે જ પ્રવાસ કરવો. એકથી વધુ અધિકારી / કર્મચારીશ્રીઓને એક જ સ્થળે જવાનું હોય તો કોમન વાહન અથવા પરિવહનનો ઉપયોગ કરવો.
- યુનિવર્સિટીમાં કાર્યરત અધિકારી / કર્મચારીઓએ અઠવાડિયામાં એક દિવસ સરકારી અથવા વ્યકિતગત વાહનનો ઉપયોગ ન કરવો એટલે કે, વાહન મુકત દિવસનો સંકલ્પ લેવો, જેથી ઉર્જા બચત થઈ શકે.
- અત્યંત જરૂરી હોય તે સિવાય ક્ષેત્રીય અધિકારીઓને મીટિંગ માટે બોલાવવાના બદલે વરચ્યુંઅલ માધ્યમ ધ્વારા બેઠક યોજવી.
- વિધાર્થીઓના વાઈવા પરીક્ષા જેવી કામગીરી ઓનલાઈન માધ્યમથી કરવી.
- કોલેજના વિધાર્થીઓ પાસે પણ સંકલ્પ લેવડાવી વાહનનો ઉપયોગ ઓછામાં ઓછો કરે તે માટે સમજ આપવી.
- યુનિવર્સિટીના યુનિટ / સબ યુનિટના અધિકારીશ્રીઓએ જરૂરી હોય ત્યારે જ મુખ્ય મથકની (નવસારી ખાતે) મુલાકાત લેવી. તેમજ ખૂબજ જરૂરી કામગીરી અર્થે મુખ્ય મથક ખાતે આવવાનું થાય તો શકય હોય તો નજીકના કેન્દ્રો સાથે સંકલન કરીને કોમન વાહનનો ઉપયોગ કરવો.
- ફાર્મ ખાતે વપરાતા ટ્રેકટર / પાવર ટ્રીલરનો જરૂરીયાત પૂરતો ઉપયોગ કરવો. મીનીમમ ટીલેજ તાંત્રીતા અપનાવવી.
- ફાર્મ ખાતે ઉત્પાદનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ધટાડવા સંકલીત ખાતર વ્યવસ્થા કે પ્રાકૃતિક ખેતી અપનાવવી.
- ખેડૂતોને જૂથ ચર્ચા / તાલીમ / કેમ્પનું આયોજન હાલ ટાળવુ તેમજ ઓનલાઈન માધ્યમનો આગ્રહ રાખવો.

દેશ હિતમાં ઉપરોકત બાબતે અધિકારી / કર્મચારીશ્રીઓએ લીધેલ પગલાં અને તેના લીધે બચેલ ઈંધણ તેમજ અન્ય માહિતી આ સાથે સામેલ ગુગલ શીટમાં દર શુક્રવારે અત્રેની કચેરીને મોકલવાની રહેશે.

જા.નં. નકૃયુ/ રજી/ એડીએમ.ઉ.૨/ઈંધણ બચત/૩૯૮૧-૯૯૦/૨૦૨૬
નવસારી, તા.૧૮.૦૫.૨૦૨૬

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ રવાના :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ આપનું માર્ગદર્શન કચેરીના તાબા હેઠળના અધિકારી / કર્મચારીશ્રીઓને સકારાત્મક પહેલ કરવા પ્રેરીત કરી ઉકત સંકલ્પને સાર્થક કરવા સારુ.

//RPJ//

NAVSARI AGRICULTURAL UNIVERSITY

registrar office <regiadm3.3@nau.in>

# Fwd: માનનીય પ્રધાનમંત્રીશ્રી તથા માનનીય રાજ્યપાલશ્રીનાં અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત..

1 message

**Registrar NAU** <Registrar@nau.in>
To: "regiadm3.3" <regiadm3.3@nau.in>

Mon, May 25, 2026 at 10:38 AM

Thanking you
Yours sincerely,
**Dr. H.M. Virdia**
**Registrar**
Navsari Agricultural University,
Navsari - 396 450, Gujarat
**Mob. 09825136793**
**e-mail: registrar@nau.in**

---------- Forwarded message ---------
From: **Vice-Chancellor, NAU Navsari** <vc@nau.in>
Date: Mon, May 25, 2026 at 10:31 AM
Subject: Fwd: માનનીય પ્રધાનમંત્રીશ્રી તથા માનનીય રાજ્યપાલશ્રીનાં અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત..
To: Registrar <Registrar@nau.in>

Respected Sir,

As directed by Hon'ble Vice-Chancellor, forwarding the trailing mail for your kind perusal.

With regards,

PS to Vice-Chancellor

**Office of the Vice-Chancellor**
NAVSARI AGRICULTURAL UNIVERSITY,
**Navsari - 396 450, Gujarat, INDIA.**

---------- Forwarded message ---------
From: **R K Tiwari** <so1-gh@gujarat.gov.in>
Date: Sat, May 23, 2026 at 12:18 PM
Subject: માનનીય પ્રધાનમંત્રીશ્રી તથા માનનીય રાજ્યપાલશ્રીનાં અપીલને માન આપીને ઇંધણ બચતમાં સહભાગી થવા બાબત..
To: vcofficegu@gujaratuniversity.ac.in <vcofficegu@gujaratuniversity.ac.in>, vc@vnsgu.ac.in <vc@vnsgu.ac.in>, vc@ngu.ac.in <vc@ngu.ac.in>, vcspu@yahoo.co.in <vcspu@yahoo.co.in>, vc <vc@sauuni.ernet.in>, registrar@mkbhavuni.edu.in <registrar@mkbhavuni.edu.in>, vc <vc@kskvku.ac.in>, vc.sssuni@gmail.com <vc.sssuni@gmail.com>, vc@msubaroda.ac.in <vc@msubaroda.ac.in>, baouvc <baouvc@gmail.com>, vccugujarat <vccu.gujarat@gmail.com>, vckamdhenuuniersity <vc.kamdhenu.uniersity@gmail.com>, vc@nau.in <vc@nau.in>, vc@sdau.edu.in <vc@sdau.edu.in>, vc@jau.in <vc@jau.in>, info <info@gtu.ac.in>, vc@Ayurveduniversity.com <vc@ayurveduniversity.com>, dg@gfsu.edu.in <dg@gfsu.edu.in>, dg@rsu.ac.in <dg@rsu.ac.in>, registrar@iite.ac.in <registrar@iite.ac.in>, vc <vc@bknmu.edu.in>, vicechancellorbmtu <vicechancellor.bmtu@gmail.com>,

registrar@ddu.ac.in <registrar@ddu.ac.in>, vc@gnlu.ac.in <vc@gnlu.ac.in>, dg@iitram.ac.in <dg@iitram.ac.in>, vc@sggu.ac.in <vc@sggu.ac.in>, vc@cug.ac.in <vc@cug.ac.in>, info@gujaratvidyapith.org <info@gujaratvidyapith.org>, info@sumandeepvidyapeethdu.edu.in <info@sumandeepvidyapeethdu.edu.in>, registrtar <registrtar@ddu.ac.in>, gidr@gidr.ac.in <gidr@gidr.ac.in>, info@css.ac.in <info@css.ac.in>, director <director@pr.res.in>, cvmandal@hotmail.com <cvmandal@hotmail.com>, director@iima.ac.in <director@iima.ac.in>, registrar@iitgn.ac.in <registrar@iitgn.ac.in>, cmr@nid.edu <cmr@nid.edu>, info@ediindia.org <info@ediindia.org>, info@nift.ac.in <info@nift.ac.in>, director@svnit.ac.in <director@svnit.ac.in>, registrar@niperahm.ac.in <registrar@niperahm.ac.in>, docmad@irma.ac.in <docmad@irma.ac.in>, bcdofiiar <bcdofiiar@gmail.com>, info@nrti.edu.in <info@nrti.edu.in>, dg@nirmauni.ac.in <dg@nirmauni.ac.in>, info@ganpatuniversity.ac.in <info@ganpatuniversity.ac.in>, info@daiict.ac.in <info@daiict.ac.in>, gopalkrishnan@spm.pdpu.ac.in <gopalkrishnan@spm.pdpu.ac.in>, host@ksv.ac.in <host@ksv.ac.in>, info@sabarmatiuniversity.edu.in <info@sabarmatiuniversity.edu.in>, info@charusat.ac.in <info@charusat.ac.in>, registrar@nuv.ac.in <registrar@nuv.ac.in>, info@ahduni.edu.in <info@ahduni.edu.in>, ldindologyorg@gmail.com <ldindologyorg@gmail.com>, info@spiesr.ac.in <info@spiesr.ac.in>, bminstitute_ahm <bminstitute_ahm@gmail.com>, vc@rku.ac.in <vc@rku.ac.in>, registrar@indusuni.ac.in <registrar@indusuni.ac.in>, vc@aurouniversity.edu.in <vc@aurouniversity.edu.in>, registrar@utu.ac.in <registrar@utu.ac.in>, vcokskvku@gmail.com <vcokskvku@gmail.com>, vc@rru.ac.in <vc@rru.ac.in>, vc@gnfsu.edu.in <vc@gnfsu.edu.in>, education@cugujarat.ac.in <education@cugujarat.ac.in>, careers@ahduni.edu.in <careers@ahduni.edu.in>, communications@ahduni.edu.in <communications@ahduni.edu.in>, info@aurouniversity.edu.in <info@aurouniversity.edu.in>, registrar@aurouniversity.edu.in <registrar@aurouniversity.edu.in>, registrar.office@cept.ac.in <registrar.office@cept.ac.in>, info@dau.ac.in <info@dau.ac.in>, director@git.org.in <director@git.org.in>, info@indusuni.ac.in <info@indusuni.ac.in>, info@ksv.ac.in <info@ksv.ac.in>, cushahmedical@gmail.com <cushahmedical@gmail.com>, director@cusmc.org <director@cusmc.org>, ajay.doshi@hospital.srmd.org <ajay.doshi@hospital.srmd.org>, info@marwadiuniversity.ac.in <info@marwadiuniversity.ac.in>, vp@nirmauni.ac.in <vp@nirmauni.ac.in>, info@ppsu.ac.in <info@ppsu.ac.in>, deanornd@pdpu.ac.in <deanornd@pdpu.ac.in>, Niyati.Shah@sls.pdpu.ac.in <Niyati.Shah@sls.pdpu.ac.in>, ahmc@paruluniversity.ac.in <ahmc@paruluniversity.ac.in>, info@raiuniversity.edu <info@raiuniversity.edu>, inquiry <inquiry@xlsuniversity.ac.in>, registrar@rku.ac.in <registrar@rku.ac.in>, info@silveroakuni.ac.in <info@silveroakuni.ac.in>, info@gsv.ac.in <info@gsv.ac.in>

Respected Sir / Madam,

Kindly refer to this office e-mail dated 13th May, 2026 on the above mentioned subject.

In this regard, once again I am desired by the Hon'ble Governorshri of Gujarat to request you to kindly issue a circular to observed **"No Vehicle Day"** on every **Monday** in your University and as well as Colleges, affiliated with your University under intimation to this office, so that the same could be brought to the kind notice of the Hon'ble Governorshri.

I am also desired to request you to kindly ensure that the steps taken by your university should be publicized in the Newspapers and Social Media.

Yours faithfully,

R. K. Tiwari
Section Officer
Office of the Secretary to Hon. Governor of Gujarat,
Gujarat Lok Bhavan, Gandhinagar.

---

**No-GS-PS-4026-2026.pdf**
477K